જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૯/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૮૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૮૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૧૧ બિયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૦૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૫૮/૨૦૨૬**

કારંજઃ ઢાલગરવાડ ભાગબાન ગલી ભરુચીનો ખાંચો રોયલ પેલેસ ખાતે રહેતી મહીલાએ તા.૦૮/૦૯/૨૦૨૬ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૬ થી તા.૨૭/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મહીલાના ડેબીટકાર્ડ તથા ક્રેડીટકાર્ડનો દુરુપયોગ કરી અજાણી વ્યક્તિએ જુદા–જુદા ઓનલાઈન ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૪,૯૪,૫૩૧/– ટ્રાન્સફર કરી લઈ મહીલા સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એસ.વાઘેલા ચલાવે છે.

મણીનગરઃ પિનાંકભાઇ પરષોત્તમભાઇ કેલા (ઉ.વ.૪૯) (રહે. જલાસ્મૃતી એપાર્ટમેન્ટ ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૦૮/૦૯/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૬ બપોરના ૪/૪૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૦૦૨૬૮૦૬૭૨ ના ધારકે ફોન કરી અદાણી ગેસનુ બીલ ભરવાનુ બાકી છે તેવુ જણાવી પ્રોસેસ માટે એ.પી.કે ફાઇલ ડાઉનલોડ કરાવી પિનાંકભાઈ કેલાનો મોબાઇલ ફોન હેક કરી ખાતામાંથી ઓનલાઇન રૂપિયા ૧,૯૩,૪૨૦/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

એરપોર્ટઃ ધીરજ વિનોદ રામરખ્યાણી (ઉ.વ.૨૭) (રહે. પટેલ સોસાયટી ઈન્દીરા સર્કલ પાસે હાંસોલ) એ તા.૦૮/૦૯/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ધીરજ રામખ્યાણીનો મોબાઇલ ફોન હેક કરી બેન્ક ખાતામાંથી અલગ–અલગ ટ્રાન્ઝેકશન કરી ઓનલાઇન રૂપિયા ૧,૬૪,૭૦૦/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૫૯/૨૦૨૬**

કૃષ્ણનગરઃ ભાલચન્દ્ર ગોરધનભાઇ નાઇ (રહે. છપૈયાધામ ફલેટ હરીવીલા પાસે સ્વામિનારાયણ મંદીર રોડ નવા નરોડા કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૬ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે નવા નરોડા પંચતીર્થ સ્કુલ સામે ગ્રીન એવન્યુ કોમ્પલેક્ષ ખાતે ભવાની મેડીકલ એન્ડ પ્રોવીઝન સ્ટોર્સ દુકાન નંબર–૦૫ નું શટર વચ્ચેથી ઉંચુ કરી ચાર પુરૂષ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/– ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.અસારી ચલાવે છે.

કાલુપુરઃ જયપ્રકાશ શિવમણી તિવારી (ઉ.વ.૪૭) (રહે. શ્રીજી પાર્ક શિવશેના ઓફીસ સેન્ટ્રલ પાર્ક નાલાસુપારા ઈસ્ટ તા–વસઇ જી–પાલઘર મહારાષ્ટ્ર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જયપ્રકાશ તિવારી ઇલેક્ટ્રીક કોન્ટ્રાક્ટર હોય મહારાષ્ટ્ર થી ખાતે કામ અર્થે કારીગર સાથે અમદાવાદ આવેલ અને કામ પુર્ણ કરી ટ્રેઈન મારફતે કારીગર સાથે મહારાષ્ટ્ર પરત જવા તા.૦૭/૦૯/૨૦૨૬ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશન ખાતે ગયા હતા દરમ્યાન રેલવે સ્ટેશન ખાતે એક યુવક તેમની નજીક આવ્યો હતો અને પોતે જયા કામ કરતો હોય તે શેઠે પોતાને માર મારી પગાર ન આપતા તેઓના બે લાખ રૂપિયા લઈ આવેલ હોવાનું જણાવી તેઓની બેગમાં પૈસાના બંડલો બતાવી પોતાની પાસે બીજા કોઇ ચા–પાણીના પૈસા ન હોય ચા–પાણી પિવડાવવાની વાતચીત કરતા હતા દરમ્યાન બીજો એક યુવક તેમની પાસે આવ્યો હતો જે યુવકે જયપ્રકાશ તિવારીને જણાવેલ કે આ યુવક પાસે પૈસા છે તેને પટના જવાનું છે તો તેને ટ્રેઈનમાં બેસાડી દેજો નહી તો કોઈ પૈસા લુંટી ના જાય તેમ કહી જયપ્રકાશ તિવારી તથા પહેલા યુવકને ચા પીવા માટે રેલવે સ્ટેશન બહાર ઇનગેટ પાસે ચાની કિટલી પર લઈ ગયેલ. જ્યાં ચા પિવડાવતા જયપ્રકાશ તિવારીને થોડીવારમાં માથુ ભારે લાગવા લાગેલ દરમ્યાન આ બન્ને યુવકોએ જયપ્રકાશ તિવારીની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૫,૦૦૦/– તથા મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૫૦૦૦/– ચોરી કરી લઈ જતા રહ્યા હતા.

તેમજ રેલવે સ્ટેશનથી બહાર ઇનગેટ સુધીમાં જયપ્રકાશ તિવારીએ ફોન અનલોક કરતા પાસવર્ડ તેઓએ જાણી લીધેલ હોય, તે જ પાસવર્ડ ગુગલ–પે એપમાં હોય જેના કારણે તેઓએ ગુગલ–પે એપ દ્વારા જયપ્રકાશ તિવારીના બેંકના ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૭૭,૦૮૬/– અલગ–અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી